પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯ | ૨૦ માર્ચ, ૨૦૧૯, બુધવાર; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હિઝબુલના સઈદ સલાઉદ્દીનની સંપત્તિ જપ્ત

**ઇડી દ્વારા જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી લીડરની સંપત્તિ જપ્ત કરાઈ : હવે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ બાંદીપારોનો વતની મોહમ્મદ શફી શાહ અને અન્ય લોકો સાથે સંકળાયેલી ૧.૨૨ કરોડની સંપત્તિ જપ્ત**



નવીદિલ્હી, તા. ૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદીનના નેતા સઈદ સલાઉદ્દીનની જમ્મુ કાશ્મીરમાં ૧૩ સંપત્તિઓને જપ્ત કરી લીધી છે. સલાઉદ્દીન પાકિસ્તાનમાં રહે છે અને ત્યાંથી જ પોતાની આતંકવાદી પ્રવૃત્તિઓને સંચાલિત કરી રહ્યો છે. ઈડીએ આ કાર્યવાહી સલાઉદ્દીન વિરુદ્ધ ચાલી રહેલી ટેરર ફંડિંગની તપાસ હેઠળ કરવામાં આવી છે. કેન્દ્રીય તપાસ સંસ્થાએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ બાંદીપોરાના રહેવાશી મોહમ્મદ શફી શાહ અને અન્ય છ લોકો સાથે સંકળાયેલી ૧.૨૨ કરોડ રુપિયાની સંપત્તિ જપ્ત કરવાનો પ્રોવિઝનલ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ તમામ આતંકવાદી સંગઠન માટે કામ કરે છે. ઈડીએ કહ્યું હતું કે, સલાઉદ્દીન, શાહ અને અન્ય આતંકી વિરુદ્ધ અનલોફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્શન (યુએપીએ) એટલે કે ગેરકાયદેસર ગતિવિધિ અટકાયતના પગલા હેઠળ દાખલ કરવામાં આવેલી ચાર્જશીટનો ઉલ્લેખ કરતા મની લોન્ડરિંગનો એક કેસ દાખલ કર્યો છે. ઈડીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, હિજબલુ મુઝાહિદીન કાશ્મીરમાં સૌથી વધારે સક્રિય આતંકવાદી સંગઠન છે જે આતંકવાદીઓ અને જમ્મુ કાશ્મીરમાં અલગાવવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે ફંડિંગ માટે જવાબદાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશ પુલવામા હુમલાને ક્યારેય ભૂલશે પણ નહીં : અજીત ડોભાલ



ન્યુ દિલ્હી,તા.૧૯

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ૮૦મા સ્થાપના દિવસના અવસર પર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી છે. ડોભાલે કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે દેશ માટે પુલવામા હુમલામાં શહીદ થનાર જવાનોને હું શ્રદ્ધાંજલિ આપું છું. તેમણે કહ્યું કે દેશ તેને ભૂલ્યું નથી અને ક્યારેય ભૂલશે પણ નહીં.

ડોભાલે ગુરુગ્રામમાં આયોજીત કાર્યક્રમમાં સીઆરપીએફના યોગદાનને ખૂબ જ અગત્યનું ગણાવતા કહ્યું કે આંતરિક સુરક્ષાનું ખૂબ મહત્વ છે. બીજા વિશ્વ યુદ્ધ બાદ ૩૭ એવા દેશ હતા, જે તૂટી ગયા અથવા તો પછી પોતાની સંપ્રુભતાને ગુમાવી બેઠા. તેમાંથી ૨૮નું કારણ આંતરિક સંઘર્ષ હતો. દેશ જો નબળા હોય છે તો તેનું કારણ કયાંકને કયાંક આંતરિક સુરક્ષાની કમી હોય છે. તેની જવાબદારી સીઆરપીએફ પર હોય છે તે તમે સમજી શકો છો કે કેટલી મહત્વપૂર્ણ જવાબદારી તમને મળી છે. તેમણે કહ્યું કે સીઆરપીએફને પ્રોફેશનાલિઝમ રાખવું પડશે.

## મોદી સરકાર રોજગાર આપવામાં કેમ નિષ્ફળ ? : પ્રિયંકા

**પ્રિયંકાએ યુપી પ્રવાસનાં બીજા દિવસે વિંધ્યાચલ ધામનાં દર્શન કર્યા, મૌલાના ઇસ્માઇલ ચિશ્તીની મજાર પર ચાદર ચઢાવી**

મિરઝાપુર,તા.૧૯

યુપી મિશન પર નીકળેલાં કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધીની બોટ યાત્રાનો મંગળવારે બીજો દિવસ હતો. પ્રિયંકા ગાંધી પોતાની યાત્રાના બીજા દિવસે મીરજાપુરના વિંધ્યાચલ ધામ અને મૌલાના ઈસ્માઈલ ચિશ્તીની દરગાહ પર માથું ટેકવ્યું હતું. મીરજાપુરમાં પ્રિયંકા ગાંધી કોંગ્રેસ કાર્યકરો સાથે મુલાકાત કરી હતી અને વિંધ્યાચલ મંદિરનાં દર્શન કર્યાં હતાં. ત્યાર બાદ પ્રિયંકા ગાંધીએ મૌલાના ઈસ્માઈલ ચિશ્તીની મજાર પર ચાદર ચઢાવી હતી.



પ્રિયંકાને જ્યારે પત્રકારોએ કહ્યું કે, યોગી સરકારે ૨ વર્ષનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ અંગે પ્રિયંકાએ કહ્યું કે તેઓ જમીન પર આવીને જૂએ કે સ્થિતી શું છે. આ રિપોર્ટ કાર્ડ પ્રચાર માટે જ સારુ છે પરંતુ જમની પર તેનું કોઈ અસ્તિત્વ નથી. હું રોજ લોકો સાથે મુલાકાત કરુ છું. ખેડૂત, યુવાવર્ગ, વિદ્યાર્થી, આંગણવાડી હોય કે આશાવર્કર કોઈને કંઈ પણ મળ્યું નથી. જે પ્રચાર કરવામાં આવે છે અને જે સાચ્ચે જ હોય છે તેમા આકાશ જમીનનો ફરક છે. જ્યાં સુધી ૭૦ વર્ષનું રટણ કરાઈ રહ્યું છે ,તો તમે પણ ૫ વર્ષથી સત્તામા છો, તમે શું કર્યું? સીતામઢીમાં પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી પર પ્રહાર કરતા કહ્યું કે, તમે કહો છો કે તમે શક્તિમાન

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**નીરવ મોદીને ભારત લવાશે**

લંડનમાં આશ્રય મેળવી રહેલા ભાગેડુ બીઝનેશમેન નીરવ મોદીની ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે. પંજાબ નેશનલ બેંક સાથે ૧૩ હજાર કરોડ રૂપિયાથી વધુની છેતરપીંડી મામલે મુખ્ય આરોપી નીરવ મોદીના પ્રત્યાર્પણ માટે સીબીઆઈ દરેક સંભવિત પ્રયાસો કરી રહી છે.

**મદયપ્રદેશમાં ૨૭ ટકા ઓબીસી આરક્ષણ પર સ્ટે**

મધ્યપ્રદેશ હાઈકોર્ટે ઓબીસીને ૨૭ ટકા અનામત આપવાના કમલનાથ સરકારના નિર્ણય પર સ્ટે આપી દીધો છે. આ આદેશથી રાજ્ય સરકારને ઝાટકો લાગ્યો છે. જસ્ટીસ આર.એસ. ઝા અને સંજય દ્વિવેદીની ખંડપીઠ આદેશમાં જણાવ્યુ છે કે ઓબીસીને ૧૪ ટકા આરક્ષણ મળશે.

**જેટ એરવેઝના પાયલોટ હડતાલ પર જશે**

જેટ એરવેઝની હાલત દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. જેટ એરવેઝના પાયલોટ સ્ટાફે ૧લી એપ્રિલથી હડતાલ પર જવાની ધમકી આપી છે. વેતન મામલે પાયલોટ સ્ટાફ અને કંપની વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

**કર્ણાટકમાં નિર્માણાધીન ઈમારત તુટી પડી**

કર્ણાટકના ધારવાડમાં એક નિર્માણાધીન ઈમારત તુટી પડી છે. આ ઘટનામાં બે વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા છે જ્યારે છ લોકો ઘાયલ થયા છે. ઈમારતના કાટમાળમાં ૪૦ લોકો ફસાયેલા હોવાનુ જાણવા મળ્યુ છે.

# પ્રથમ તબક્કા માટે ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ

**૯૧ સીટ ઉપર ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા શરૂ : પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થશે : ૧૮ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની કુલ ૯૧ સીટો પર ચૂંટણી પ્રક્રિયા તીવ્ર બની : ઉત્તપ્રદેશની કુલ આઠ સીટો પણ સામેલ**

નવીદિલ્હી, તા. ૧૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ચૂંટણીની લઈને હવે તમામ પ્રક્રિયા આજે મંગળવારના દિવસે શરૂ થઇ ગઇ હતી. ૧૮ રાજ્યો અને બે કેન્દ્ર શાષિક પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૯૧ સીટ પર પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે. આના માટે જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ આજે સવારે ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા શરૂ થઇ હતી. હવે આ પ્રક્રિયા ૨૫મી માર્ચ સુધી જારી રહેનાર છે. ૨૫મી માર્ચ સુધી ઉમેદવારો તેમના ઉમેદવારી પત્રો ભરી શકશે. ત્યારબાદ ૨૬મી માર્ચના દિવસે ઉમેદવારોના પત્રકોની ચકાસણી કરવામાં આવનાર છે. કોઈ પણ ઉમેદવાર ૨૮મી માર્ચ સુધી તેમની ઉમેદવારી પાછી ખેંચી શકશે. પ્રથમ તબક્કામાં લોકસભાની ચૂંટમી માટે ૧૧મી એપ્રિલના દિવસે મતદાન થનાર છે. ઉમેદવારી પત્રો દાખલ કરવાની પ્રક્રિયા શરૂ થવાની સાથે જ રાજકીય ગરમી પણ ૧૮ રાજ્યોમાં વધી ગઇ છે. ઉમેદવારો જોરદાર તૈયારીમાં લાગી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

### પ્રથમ તબક્કામાં ક્યાં-ક્યાં ચૂંટણી

આંધ્રપ્રદેશ-૨૫, અરુણાચલ-૨, આસામ-૫, બિહાર-૪, છત્તીસગઢ-૧, જમ્મુ કાશ્મીર-૨, મહારાષ્ટ્ર-૭, મણિપુર-૧, મેઘાલય-૨, મિઝોરમ-૧, નાગાલેન્ડ-૧, ઓરિસ્સા-૪, સિક્કિમ-૧, તેલંગાણા-૧૭, ત્રિપુરા-૧, ઉત્તરપ્રદેશ-૧૦, ઉત્તરાખંડ-૫, પશ્ચિમ બંગાળ-૨, આંદામાન અને નિકોબાર-૧, લક્ષદ્વિપ-૪ સીટ પર મતદાન

## નરેન્દ્ર મોદી ૨૮મીથી ઝંઝાવતી ચૂંટણી પ્રચાર અભિયાન આરંભશે

**પ્રચાર અભિયાનની જવાબદારી વરિષ્ઠ નેતાઓના હાથમાં સોંપાયા બાદ હવે આક્રમક તૈયારી : પ્રથમ તબક્કાના મતદાન પહેલા પણ શ્રેણીબદ્ધ રેલી કરાશે**

નવીદિલ્હી, તા. ૧૯

લોકસભા ચૂંટણીની તારીખોન જાહેરાત થયા બાદ રાજકીય પક્ષો હવે વોટરની વચ્ચે પોતાની સ્થિતિને મજબૂત કરવાની કામગીરીમાં લાગી ગયા છે. આના ભાગરુપે હવે ચૂંટણી અભિયાનની શરૂઆત થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી માર્ચથી તોફાની ચૂંટણી પ્રવાસની શરૂઆત કરશે. ભાજપ દ્વારા અંતિમ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. એકબાજુ કોંગ્રેસ પાર્ટી રાજકીયરીતે પોતાની સ્થિતિને મજબૂત કરવા ગંગા યાત્રા અને સાંચી સંવાદ જેવા અભિયાનની શરૂઆત કરી ચુક્યા છે. મોદી ૨૮મી માર્ચથી ઝંઝાવતી પ્રચાર કરવાની તૈયારીમાં છે. અનેક મોટી રેલીઓ કરનાર છે. તાજેતરમાં જ મોદીએ ૨૨ રાજ્યોની આશરે ૧૦૦ લોકસભા સીટ પર જોરદાર રેલી યોજી હતી. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા મોદીના અન્ય અનેક કાર્યક્રમો યોજવાની પણ તૈયારી કરી લેવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, વડાપ્રધાન શરૂઆતમાં એવી સભાઓ કરશે જ્યાં ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે. ભાજપના પ્રચાર અભિયાનની જવાબદારી આ વખતે વરિષ્ઠ નેતાઓના

● અનુસંધાન પાન-૭ પર

## પહેલા ચાવાળો અને હવે ચોકીદાર, દેશ બદલાઈ રહ્યો છે : માયાવતી

લખનઉ,તા.૧૯

માયાવતીએ ટ્વીટમાં લખ્યું કે, "'સાદું જીવન, ઉચ્ચ વિચાર'થી વિરુદ્ધ શાહી શૈલીમાં જીવન જીવનારી જે વ્યક્તિએ છેલ્લી લોકસભા ચૂંટણીમાં વોટ માટે પોતાને ચાવાળો પ્રચારિત કર્યો હતો, તે હવે પોતાને ચોકીદાર બનાવી રહ્યો છે."

તાજેતરમાંજ વડા પ્રધાન મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા 'મૈં ભી ચોકીદાર' અભિયાન અંગે બહુજન સમાજ પાર્ટીના સુપ્રીમો માયાવતીએ મંગળવારે ટોણો મારતા જણાવ્યું કે, છેલ્લી લોકસભા ચૂંટણીમાં 'ચાવાળો' અને હવે 'ચોકીદાર'..., ખરેખર દેશ બદલાઈ રહ્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

